Shodh Sanchay
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : narodacollage1993@yahoo.com

Volume - 1

# મહાકવિ કાલિદાસનો હિમાલય : માનવજીવન માટે આશીર્વાદરૂપ

**Dr. Surekha K Patel**

**Department Of Sanskrit**

**Associate professor**

**G.D. Modi Arts College, Palanpur**

Mo. No . **9428023071, Email :-** surekhaben13@gmail.com

**Paper Abstract :-**

હિમાલયનું સ્થાવર રૂપ પશ્ચિમી સમુદ્રથી પૂર્વી સમુદ્ર સુધી ફેલાયેલું છે. વાનસ્પતેય વૈભવનો વિધાતા અને ખનીજ સંપત્તિના આધાર સમા હિમાલયને જોઈને કાલિદાસ તેને પૃથ્વીનો 'માન દંડ' કહે છે ગંગા,યમુના, બ્રહ્મપુત્રાદિ નદીઓના ઉદ્ગમસ્થાન સમાન હિમાલય કાલિદાસને મતે દેવતા સમાન વંદનીય છે. अभिज्ञानशाकुन्तलम् (૬/ ૭) અનુસાર હિમાલય પુરુષ હતા. હિમ પ્રદેશના રાજા તથા ઉમા(પાર્વતી)ના પિતા હતા. કવિ ભાસે પણ હિમાલયની કેટલીક મહત્વપૂર્ણ વિશેષતાઓનો ઉલ્લેખ કર્યો છે.

મહાકવિ કાલિદાસની દ્રષ્ટિએ હિમાલય માટી અને પથ્થરનો પુંજ માત્ર નથી પરંતુ માનવ જીવનોપયોગી વિવિધ પ્રાકૃતિક સંપત્તિઓનો વિશાળ ભંડાર છે, જેની રક્ષા-સુરક્ષા અને સદ્ઉપયોગ કરીને ભારતીય જનજીવન અધિક સમૃદ્ધ અને સુખી થઈ શકે છે કાલિદાસના મતે પૃથ્વીને સંતુલિત રાખવામાં પણ હિમાલયનું જ સર્વ અધિક યોગદાન છે, આથી જ હિમાલયને બધા પર્વતોનો રાજા કહ્યો છે. હિમાલય ઉપર ઉપલબ્ધ થનારી જીવનોપયોગી જડી-બુટ્ટીઓ,રત્નસંપત્તિ, ખનીજસંપત્તિ તેમજ દૈવી પવિત્રતાનું વર્ણન કાલિદાસે પોતાની કૃતિઓમાં અત્ર-તત્ર કર્યું છે. હિમાલય ઉપર પ્રાપ્ત થનારી જડીબુટ્ટીઓ રોગોનું શમન કરવામાં અચૂક 'રામબાણ' સાબિત થનારી છે, તેથી કાલિદાસ ઔષધિ શબ્દને સ્થાને 'महौषधि' શબ્દ પ્રયોગ કરે છે.

પ્રાચીનકાળથી જ વૃક્ષો, વનોના પાલક-સંરક્ષક જનોનું સન્માન થતું આવ્યું છે. વેદના ઋષિઓ ઔષધિ ઓના મહત્વને જાણતા, સમજતા તથા તેના ગુણોથી પૂર્ણતઃ પરિચિત રહ્યા છે, આથી જ તો ઋષિઓ વનસ્પતિ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરતા રહ્યા છે. પ્રવર્તમાન સમયમાં માનવજાતનું ધ્યાન પર્યાવરણ ઉપર કેન્દ્રિત છે. મહાકવિ કાલિદાસની દીર્ઘદ્રષ્ટિ ખરેખર દાદ માંગી લે તેવી છે. હિમાલય જેવી પ્રાકૃતિક સંપત્તિનું પોતાની કૃતિઓમાં આબેહૂબ વર્ણન કરીને ભવિષ્યની પેઢીને માહિતગાર રાખવી એ જેમનો ઉદ્દેશ હતો,તેવા કવિ કાલિદાસ ખરેખર પ્રકૃતિ પ્રેમી કવિ હતા. અહીં ,આ અભ્યાસ લેખમાં કાલિદાસની કૃતિઓમાં થયેલું હિમાલયની વન (ઔષધિ પ્રાણી, ખનીજ રત્ન વગેરે) સંપત્તિનું નિરૂપણ ચર્ચવામાં આવશે .

**Keywords :** હિમાલય, કાલિદાસ, પર્યાવરણ, જડી-બુટ્ટી, ઋષિમુનિ, વેદ

## Paper Title : મહાકવિ કાલિદાસનો હિમાલય : માનવજીવન માટે આશીર્વાદરૂપ

'प्रणः पूर्वस्मै सुविताय वोचत मक्षू सुम्नाय नव्यसे' (અર્થાત્ 'આપ અમારી ઉન્નતિ તથા અભિનવ સુખને માટે જેમ બને તેમ જલ્દી નિર્દેશ કરો.' ऋग्वेद :- ૮/૨૭/૧૦)

હે ઈશ્વર ! અમને પ્રાચીન પરમ ઐશ્વર્યની તરફ લઈ જાઓ તથા અતિ નવીન અભ્યુદય તરફ પણ જલ્દીથી લઇ જાઓ. ઋષિઓનું આ કથન જીવનલક્ષ્ય જ નહીં પરંતુ, ભવિષ્યની પ્રજા માટે સંદેશરૂપ હતું. પૂર્વે કરેલા ઉત્કર્ષને તથા ભવિષ્યમાં થનારા નવા ઉત્કર્ષને પણ પ્રાપ્ત કરતાં ચાલીએ. શું માનવે ગંભીરતાથી ક્યારેય વિચાર કર્યો છે કે તેના સમસ્ત ઉત્થાન પર પ્રકૃતિનો વરદ્હાથ છે, જે વિના માગ્યે સ્વતઃ બધું જ પ્રદાન કરે છે ? પ્રકૃતિનું પ્રત્યેક કાર્ય એક સ્વાભાવિક અને નિયમિત પ્રણાલીનું શ્રેષ્ઠરૂપ છે, જેને કુરૂપ કરવાનો અર્થ બ્રહ્માંડની પરમ સત્તાને લલકારવાનો છે. આધુનિક યુગના માનવે પોતાની પ્રગતિશીલ સભ્યતા અને સંસ્કૃતિથી પ્રાકૃતિક મર્યાદાઓનું અતિક્રમણ કરીને પર્યાવરણની અનેક સમસ્યાઓને આમંત્રી છે. તેના પરિણામરૂપે પર્યાવરણના ચિંતનનો વિષય સમગ્ર વિશ્વ માટે એક ગંભીર પ્રશ્ન બની ગયો છે. પર્યાવરણ સુધારણા માટે કરવામાં આવી રહેલા વિશ્વવ્યાપી પ્રયાસો છતાં પર્યાવરાણની સમસ્યા થયાવત્ છે.

પર્યાવરણનું નામ લેતાં જ પ્રકૃતિમાં જે કંઈપણ પરોક્ષ કે પ્રત્યક્ષ છે, જેમ કે - પૃથ્વી, સૂર્ય, વાયુ, જળ, અગ્નિ, વનસ્પતિ, પક્ષી, માનવ વગેરેનું સ્મરણ થઈ આવે છે. 'પર્યાવરણ' નો શાબ્દિક અર્થ છે- "ચારેય બાજુથી ઘેરી લેનારું" પરિ+આવરણ પદોથી આ શબ્દ બન્યો છે. 'પરિ' એટલે ચારેય બાજુ તથા 'આવરણ' એટલે ઘેરી લેનાર. પર્યાવરણ સાથે પ્રત્યેક જીવનો જન્મતઃ

સંબંધ છે. આમ તો મનુષ્યને પ્રાકૃતિક, ભૌગોલિક, સામાજિક અને સાંસ્કૃતિક બધાં જ પર્યાવરણ પ્રભાવિત કરે છે પરંતુ, તેમાંય પ્રાકૃતિક પર્યાવરણ વિશેષરૂપે પ્રભાવિત કરે છે કારણ કે આ પર્યાવરણ જીવતા રહેવાની સમસ્યા સાથે જોડાયેલ છે.

આપણું માનવશરીર પર્યાવરણીય પાંચ તત્ત્વો (પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ) ના સંઘાતનો યોગ છે. આ પ્રકૃતિ જ પ્રાણીઓનો આધાર છે. આદિકાળથી જ મનષ્ય પર્યાવરણથી પોષાતો રહ્યો છે. પૃથ્વી તેનું નિવાસ સ્થળ છે. વાયુ તેનો પ્રાણ છે. જળ, જીવન છે. સૂર્ય, ઉર્જાસ્રોત છે, તો વનસ્પતિ, વૃક્ષાદિ તેના ધારક, પોષક અને રક્ષક છે. પ્રકૃતિનું કોઈપણ તત્ત્વ એવું નથી જેનાથી માનવ ઉપકૃત ન થયો હોય. આજે પણ જો માનવ, ઉત્થાનના ઉત્કર્ષને આંબી રહ્યો છે, તો તે પણ પર્યાવરણના બળે જ. પ્રકૃતિ માનવને બધા જ પ્રકારે સંશાધન પ્રદાન કરે છે. આ પ્રાકૃતિક સંપત્તિઓમાં પ્રાકૃતિક શકિતઓ પણ સમાવિષ્ટ છે. મનુષ્ય સ્વયં આ પર્યાવરણનું એક અંગ છે. પર્યાવરણ શુદ્ધતા માટે વૃક્ષો અને વનસ્પતિ જગતનું યોગદાન સર્વાધિક છે. પ્રકૃતિનું સ્વયં સંચાલિત સામંજસ્ય ખરેખર આપણને આશ્ચર્યમાં મૂકે તેવું છે. ઋગ્વેદમાં તેનું વર્ણન મળે છે -

'इमास्तत इन्द्र पृश्नोयो धृतं दुहत आशिरम् |

एनामृतस्य पिप्युषीः' || (ऋग्वेद : ८/६/१९)

અર્થાત્ 'હે પ્રભુ ! આપના દ્વારા ઉત્પન્ન કરાયેલ આ સૂર્યનાં કિરણો આ પૃથ્વી વગેરે લોક ઉપર આશ્રિત જળને સીંચે છે તથા યજ્ઞને વધારે છે. સૂર્યનાં કિરણો પૃથ્વી ઉપર સ્થિત જળને પોતાની તરફ આકર્ષણ શક્તિથી ખેંચે છે. ફરી તેનાથી મેઘમંડલ બને છે, વર્ષા થાય છે અને વર્ષાથી અન્ન ઉત્પન્ન થાય છે, જેનાથી સૃષ્ટિ પોષણ પામે છે.'

પકૃતિના સ્વતઃ ચાલતા આ ચક્રને માનવે પોતાના બુદ્ધિબળે પરમાણુ અસ્ત્રનું નિર્માણ કરીને પૂરા વિશ્વને મૃત્યુના મુખ તરફ ઉભું કરી દીધું છે. નિરંતર વધતું જતું આ પદુષણનું મહાન સંકટ આપણા જીવનોપયોગી કારકો તથા પ્રાણને ગંભીરરૂપે પ્રભાવિત કરી રહ્યું છે, જેમાં મુખ્ય છે - વાયુ-પ્રદુષણ, જળ-પ્રદુષણ, ભૂ-પ્રદુષણ, વન-વિનાશ અને ઉર્જાસંકટ વગેરે.

વનસ્પતિ માનવીની સમૃદ્ધિનો મુખ્ય સ્રોત છે. મનુષ્યની ત્રણેય મૂળભૂત આવશ્યકતાઓ રોટી, કપડાં અને મકાન. જે વનની સમૃદ્ધિ ઉપર નિર્ભર છે. છતાં પણ માનવી દ્વારા ક્યારેક અજ્ઞાનપણે તો ક્યારેક જાણી જોઈને વનસંપત્તિ નષ્ટ કરવામાં આવી રહી છે. અહીં, આ અભ્યાસ લેખમાં કાલિદાસની કૃતિઓમાં થયેલું હિમાલયની વન (ઔષધિ, પ્રાણી, ખનિજ, રત્ન વગેરે) સંપત્તિનું નિરૂપણ ચર્ચવામાં આવશે.

સંસ્કૃત સાહિત્યના મૂર્ધન્ય મહાકવિ કાલિદાસની નવનવોન્મેષશાલિની કાવ્ય પ્રતિભાથી આજે પ્રત્યેક શિક્ષિત ભારતીય વ્યક્તિ પરિચિત અને પ્રભાવિત છે. કાલિદાસે ऋतुसंहारम्, रघुवंशम् અને मेघदूतम् નામનાં ચાર શ્રાવ્યકાવ્યો તથા मालविकाग्निमित्रम्, विक्रमोर्वशीयम् અને अभिज्ञानशाकुन्तलम् નામના ત્રણ દશ્યકાવ્યોની સૃષ્ટિ રચીને સંસ્કૃત સાહિત્યની શાશ્વત સમૃદ્ધિ કરી છે. તેમનું 'मेघदूतम्' નામનું સંદેશકાવ્ય તથા 'अभिज्ञानशाकुन्तलम्' નામના નાટકે તો વિદેશોમાં પણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. તેના ફળસ્વરૂપે વિદેશોમાં પણ શિક્ષિત સમાજમાં મહાકવિ કાલિદાસ પ્રત્યે આદરભાવ છે. કવિ કાલિદાસથી આપણા ભારત દેશનું આપણી સંસ્કૃત ભાષાનું પણ નામ ઉજ્જવળ બન્યું છે.

મહાકવિ કાલિદાસ કેવળ માનવીય સૌંદયના જ મર્મસ્પર્શી મીમાંસક નથી. પરંતુ, પ્રાકૃતિક વૈભવના પણ ઉત્કૃષ્ટ ઉદ્ગાયક છે. તેથી જ તો તેમણે પોતાની કૃતિઓમાં મોકો મળતાં જ પ્રકૃતિ નટીના ધામરૂપ નગાધિરાજ 'હિમાલય'નું વર્ણન ખૂબ જ મનોવેગપૂર્વક કર્યું છે, જેનાથી પ્રભાવિત થઈને કેટલાક મનીષી તેમને હિમાલયમાં જન્મ્યા હોવાનું માને છે. કાલિદાસ ભલે હિમાલયવાસી હોય કે ઉજ્જયિનીવાસી હોય, પરંતુ એટલું તો નિર્વિવાદ છે અને પ્રત્યક્ષ અનુભવ કરવા યોગ્ય છે કે તેઓએ હિમાલયનું વર્ણન બહુ જ પ્રાસંગિક તથા ઉદ્બોધક કર્યું છે, જે આ તથ્યનું સબળ સાક્ષી છે.

હિમાલય, પશ્ચિમમાં હિન્દુકુશથી લઈને પૂર્વમાં બર્માની સીમા સુધી ૨૦૦૦ માઈલ સુધી ફેલાયેલો છે. ઉત્તર-દક્ષિણમાં તેનો વિસ્તાર ૧૫૦-૨૦૦ માઇલ છે અને ચીન તથા ભારતનો મધ્યવર્તી છે. પ્રાચીન ઋષિઓ અને કવિઓએ હિમાલયને ખૂબ જ આદર આપ્યો છે. ઋષિઓ હિમાલયની તળેટીમાં પોતાના આશ્રમ બનાવતા હતા. અ.શા.માં વર્ણિત કણ્વઋષિનો આશ્રમ પણ હિમાલયની ગોદમાં જ હતો.

સંસ્કૃતના પ્રસિદ્ધ નાટ્યકાર ભાસે હિમાલયની કેટલીક મહત્ત્વપૂર્ણ વિશેષતાઓનો ઉલ્લેખ કર્યો છે. તેઓ અનુસાર ઉત્તરમાં હિમાલય છે. તેનાં અનેક ઉંચાં શિખર છે. તેમાં એક સપ્તમ શિખર છે. તે શિખરમાંથી નિરંતર ગંગા વહે છે. ત્યાં શિવ નિવાસ કરે છે 'કાંચનપાર્શ્વ' નામનું મૃગ નિવાસ કરે છે. આ હિમાલયમાં ચમકતી ઔષધિનાં વન છે. આથી, અહીં રહેવાનું બહુ જ આકર્ષણ છે.[1] 'अविमारकम्' નાટક અનુસાર હિમાલયમાં અતિ આકર્ષક ગુફાઓ છે. વિદ્યાધર વગેરે દિવ્ય જાતિઓ વિવિધ ક્રીડાઓ માટે લાલચભરી નજર રાખે છે.[2] 'मुद्राराक्षसम्' અનુસાર હિમાલયને ઔષધિઓનો ભંડાર કહ્યો છે.[3] अ.शा અનુસાર 'હિમાલય' પુરુષ હતા, હિમપ્રદેશના રાજા હતા અને ઉમા (પાર્વતી) ના પિતા હતા.[4]

મહાકવિ કાલિદાસની દૃષ્ટિએ હિમાલય માટી અને પત્થરનો પુંજ માત્ર નથી પરંતુ તે માનવજીવનોપયોગી વિવિધ પ્રાકતિક સંપત્તિઓનો વિશાળ ભંડાર છે. જેની રક્ષા-સુરક્ષા અને સદ્‌પયોગ કરીને ભારતીય જનજીવન અધિક સમઢ અને અધિક સુખી થઈ શકે છે. કાલિદાસને મતે ‘હિમાલય’ દેવતા સમાન વંદનીય છે. આથી તો તેઓ ‘देवतात्मा’ કહે છે. પૂર્વદિશામાં પૂર્વીસાગર અને પશ્ચિમદિશામાં પશ્ચિમી સમુદ્ર સુધી તેને ફેલાયેલો જોઈને મહાકવિ કાલિદાસ તેને પૃથ્વીનો ‘માનદંડ’ માને છે. કાલિદાસના મતે, પૃથ્વીને સંતુલિત રાખવામાં પણ હિમાલયનું જ સર્વાધિક યોગદાન છે, આથી જ ‘હિમાલય’ ને બધા પર્વતોનો રાજા કહ્યો છે.[5]

હિમાલય ઉપર ઉપલબ્ધ થનારી જીવનોપયોગી જડી-બુટ્ટીઓની ચર્ચા કાલિદાસે અત્ર-તત્ર કરી છે. તેમનું કહેવું છે કે હિમાલય ઉપર બધા પ્રકારની મહાન ઔષધિઓ છે.[6] અહીં, ‘ઔષધિ' શબ્દને સ્થાને ‘महौषधि’ શબ્દપ્રયોગ કરીને કાલિદાસનું કહેવું છે કે હિમાલય ઉપર પ્રાપ્ત થનારી જડી-બુટ્ટીઓ રોગનું શમન કરવામાં અચૂક “રામબાણ' સાબિત થનારી છે કારણ કે “महौषधि” શબ્દનો અર્થ કોશકારે ‘अमोघऔषधि’, ‘अचूकदवा’, ‘सर्वोपरी उपचार’ અને ‘रामबाण’ વગેરે કર્યો છે.[7] અત્રે ઉલ્લેખ કરવો ઘટે કે લંકાયુદ્ધમાં મેઘનાદની ‘શક્તિ’થી ઘાયલ થયેલ અને મૃતપ્રાયઃ લક્ષ્મણમાં પ્રાણોનો પુનઃ સંચાર કરનારી સંજીવની (જડીબટ્ટી) આવા પ્રકારની ‘महौषधि’ જ હતી અને તે ‘હિમાલય’ ઉપર જ ઉપલબ્ધ થઈ હતી.[8]

કાલિદાસે ‘હિમાલય' વર્ણનના પ્રસંગોમાં અનેક જગ્યાએ ઉલ્લેખો કર્યા છે કે અહીં (હિમાલય)ની ઔષધિઓ અર્થાત્ જડી-બુટ્ટીઓ ચમકીલી છે. પ્રકાશથી યુક્ત છે અને રાત્રિના સમયે તો તે ઔષધિઓનો પ્રકાશ એટલો વધી જાય છે કે તે દીપકનું સ્થાન લઈ લે છે. ફળસ્વરૂપ તે ઔષધિઓ રાત્રિના સમયે યુવક-યુવતીઓના સુરત વ્યાપારમાં ‘रतिदीप’નું કામ કરે છે[9] અને રાત્રિના ગાઢ અંધકારમાં અભિસાર કરનારી યુવતીઓ માટે ઔષધિઓ ‘मार्गदीप’ પણ બને છે.[10] મહાકવિનું કહેવું છે કામ્બોજ જીતીને જ્યારે રઘુરાજાએ હિમાલયીય રાજાઓને જીતવા માટે હિમાલય પર સેનાસહિત ચઢાઈ કરી હતી ત્યારે રાત્રિના સમયે આરામ કરતી તેમની સેનાના હાથીઓના ગળામાં રહેલી શ્રૃંખલાઓ (સાંકળો) પણ નજીક રહેલી ઔષધિઓના પ્રકાશથી ચળકી ઉઠતી હતી.[11] હિમાલયનું મુખ્ય નગર 'ઔષધિપ્રસ્થ' તો ઔષધિઓના પ્રકાશથી હંમેશાં ઝગમગતું રહેતું હતું.

વેદોમાં તો બધી જ વનસ્પતિ (અન્ન અને ધાન્યના છોડ સુધી)માં ઔષધીય ગુણોની પુષ્ટિ કરવામાં આવી છે. આવી ઔષધિનું મહત્ત્વ બતાવતાં ઋગ્વેદના ઋષિ કહે છે - 'હે માતા સમાન કલ્યાણકારી અન્નાદિ ઔષધિઓ ! હું તમારા સુખદાયીરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરું તથા બીજાને પણ જ્ઞાન પ્રદાન કરું. તને સદાયે પ્રાપ્ત કરવા માટે પોતાના અશ્વ, ભૂમિ, વસ્ત્ર તથા સ્વયંને પણ

અર્પણ કરું છું.'[12] વેદો અનુસાર તો મહાવૃક્ષ જ નહીં, પરંતુ સમસ્ત વનસંપત્તિ અને વનસ્પતિ જગત વંદનીય છે, પૂજનીય છે.[13] જે મનુષ્યો 'વનૌષધિ'નું મહત્ત્વ જાણે છે, તે જ તેની રક્ષા કરે છે, તેનો વિકાસ કરે છે. અથર્વવેદના ઋષિ કહે છે - 'આ વનસ્પતિની જનની તો પ્રકૃતિ છે, છતાં પણ તે માનવનું જ હિત કરે છે. આથી પણ તે રક્ષણ કરવા યોગ્ય છે.'[14] અથર્વવેદના ઋષિ વનસંપત્તિ દિવ્ય ઔષધિઓ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરતાં કહે છે – 'હે દિવ્યશક્તિ તાપનાશક ઔષધિ ! તારે સહારે હું ત્રણેય સૂર્યલોક, ત્રણેય પૃથ્વીલોક, ફેલાયેલી છ દિશાઓ તથા સંસારના બધા પદાર્થો અનેક પ્રકારે જોઉં.'[15] વેદના ઋષિઓ ઔષધિઓના મહત્ત્વને જાણતા-સમજતા તથા તેના ગુણોથી પૂર્ણતઃ પરિચિત રહ્યા છે. આથી જ વનસ્પતિ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરતા રહ્યા છે. આ વનૌષધિઓ પેઢી દર પેઢી સાચવી રાખીને તેના સદ્ઉપયોગથી સૌને લાભાન્વિત કરતા રહ્યા છે. ઋગ્વેદ અનુસાર આ બધી વનૌષધિઓ દૈહિક, દૈવિક અને ભૌતિક કષ્ટો દૂર કરનારી હોય છે.[16] અથર્વવેદના ઋષિ આવી ઔષધિઓની જાણકારી ઉપર ભાર મૂકતાં કહે છે કે – 'દરેક જગ્યાએથી પ્રાપ્ત ઔષધિઓ કલ્યાણકારી હોય છે જે માનવને કષ્ટથી છોડાવીને શાંતિ પ્રદાન કરે છે.'[17] ભારતવર્ષ સદાયે આવી ગુણકારી વનસ્પતિઓથી યુક્ત રહ્યું છે. એમ પણ આજે પ્રાચીન પરંપરાનુસાર શુદ્ધ ભારતીય ભોજન પ્રણાલીમાં આવી વનૌષધિઓ ઉપયોગમાં લેવાય છે કારણકે તેમાં પૂર્ણ પોષણતા છે. આથી જ આ વિશેષતાને ટકાવી રાખવી એ આપણું કર્તવ્ય છે.

કાલિદાસે ઔષધિઓ ઉપરાંત અનેક મહત્વપૂર્ણ અને બહુમૂલ્ય વૃક્ષો જેવાં કે 'સાખૂ' (સરલ) (कु. सं. : १/९, रघुवंश : ४/७५, (पूर्वमेघदूतम् - ५७) 'દેવદારૂ' (कु. सं. १/१५, ३/४४, ६, ५१, रघुवंश : ४/७६) 'રુદ્રાક્ષ ' (कु. सं.: १/५५, ३/ ४३. रघुवंशम् ४/७४) 'અખરોટ' (रघुवंशम् : ४/६९) 'કાલાગરુ ' (रघुवंश : ४/८१) 'કલ્પવૃક્ષ' (६/४१, ४६, उत्तरमेघ -१२, अ.शा : ७/१२) વગેરેનો ઉલ્લેખ કર્યો છે.

પ્રાચીન કાળથી જ ભારતીય સંસ્કૃતિના વૃક્ષ-છોડ-ખેતર વગેરેને પૂજ્ય માનવમાં આવ્યાં છે તથા તેમના પ્રત્યે અનુરાગ અને આદરભાવ જોવા મળતો આવ્યો છે. વેદોમાં તો વૃક્ષાદિનું સન્માન જ નહીં, પરંતુ વૃક્ષો અને વનોના સંરક્ષક તથા પાલક-જનોનું પણ સન્માન થતું આવ્યું છે. (यजुर्वेद : १६/१७) વનાદિ વૃક્ષોની પોષણતાની જાણકારી સૌને હોવી જોઈએ કારણ કે લોકો તેના ગુણોથી લાભાન્વિત થાય અને તેનું સંવર્ધન કરે. ઋગ્વેદના ઋષિ કહે છે – વન અને વૃક્ષોની રક્ષણની ભાવના વૃક્ષો અને વનોના સામીપ્યથી જ વધે છે. 'વૃક્ષાદિથી અનુરાગ ધરાવનારાઓ જ તેની રક્ષા કરે છે. તેઓ ક્યારેય તેની હિંસા કરી ન શકે તેથી જ લોકોએ વન તથા વૃક્ષોથી મિત્રતા કરવી જોઈએ. તેમને વૃક્ષોથી લગાવ હોવો જોઈએ. આ અનુરાગ મનુષ્યને

Shodh Sanchay
Shree Naroda Kelavani Mandal Sanchalit
SMT. A.P. PATEL ARTS & LATE SHREE N.P. PATEL COMMERCE COLLEGE
Shree Prahladbhai Kashidas Patel Vidhya Sankul, Naroda, Ahmedabad-382330.
Reaccredited by NAAC with B Grade Third Cycle | Accredited - by 'AAA'= 4 Star
Phone : 079-22816582, M.: 8866388134 E-mail : narodacollage1993@yahoo.com



જંગલોને હિતૈષી બનાવી શકે છે. આવો મનુષ્ય સુખેથી સ્વાદિષ્ટ ફળો ખાઈને ઉત્તમ સંકલ્પ અનુસાર જીવન વ્યતીત કરે છે.'[18] વિભિન્ન પક્ષીઓના આશ્રયસ્થાન સમા વૃક્ષોને ન કાપવા અંગે ઋગ્વેદના ઋષિ કહે છે - 'હે વિદ્વાનો ! તમે લોકો કાગડા વગેરે પક્ષીઓની પુષ્ટિ (પોષણ) કરનારાં વનઆદિ વૃક્ષોને ન કાપો.'[19] જળાશયોને કિનારે ઉભેલાં વૃક્ષોને કાપવાની મનાઈ ફરમાવતા ઋગ્વેદના ઋષિ કહે છે – 'આવાં જળાશયોને કિનારે ઉભેલાં વૃક્ષો જળને જાળવી રાખે છે.[20] પર્યાવરણના સંરક્ષણ માટે વૃક્ષોને ન કાપવાં જોઇએ અને વધુમાં વધુ વૃક્ષો વાવવાં જોઇએ. જે મનુષ્ય વૃક્ષને કાપે છે, તે અજ્ઞાની છે. વિવેકશીલ મનુષ્યો હંમેશાં વૃક્ષોની રક્ષા કરે છે.

મહાકવિ કાલિદાસે, હિમાલયની વનસંપત્તિમાં 'વૃક્ષો' ઉપરાંત 'પશુઓ' નું પણ સુંદર વર્ણન કર્યું છે. હિમાલયના વનોમાં હાથીઓ અને સિંહોની સત્તા તરફ પણ વાચકોનું ધ્યાન આકર્ષાયા વિના રહેતું નથી. કાલિદાસનું કહેવું છે કે અહીંના હાથી, મદજળથી યુકત હોય છે, જે પોતાની કપોલકંડૂને ખંજવાળવા માટે 'સરલ' (સાખૂ) અથવા 'દેવદારુ' વૃક્ષના થડમાં પોતાના કપોલને રગડતા હોય છે. તે ખંજવાળતાં ઉખડેલ છાલથી આ વૃક્ષોમાંથી નીકળતી સુગંધથી હિમાલયનાં શિખર સુરભિત થતાં રહે છે.[21] આવો જ એક મદોન્મત હાથી દુષ્યન્તના રથને જોતાં જ અસંયમિત થઈને મહર્ષિ કણ્વના આશ્રમમાં પ્રવેશ કરીને ત્યાં આતંક ફેલાવે છે.[22] અહીં, મદોન્મત હાથીઓનો વધ કરવામાં સમર્થ સિંહોની પણ કમી નથી.[23] તે સિંહ ખૂબ જ નિર્ભીક છે તેથી જ તો રઘુની સેનાનો કોલાહલ સાંભળીને તે અહીં-તહીં ભાગતા નથી પરંતુ નિશ્ચિત ભાવે ગુફાઓમાં પડયે પડયે જ આંખો ચકળવકળ ફેરવીને સેનાને જોતા રહે છે.[24] પરંતુ, હિમાલયની ગોદમાં મોટાં થનારાં ભારતીય બાળકો આવા પ્રકારના સિંહનાં બચ્ચાંથી પણ મિત્રતાપૂર્વક મસ્તી કરે છે, તે પણ ખૂબ જ સુખદ આશ્ચર્યનો વિષય છે.[25]

'હાથી' વિશેના અનેક ઉલ્લેખો વેદમાં જોવા મળે છે. સર્વપ્રથમ હાથીઓ જંગલમાં રહેનારા હતા અને પછી તે શિકારીઓ વડે પકડાઈને નગરમાં આવતા હોવાના ઉલ્લેખો વેદમાં ઘણા છે. પકડીને લાવવામાં આવેલા હાથીઓનો ઉપયોગ શત્રુઓના સૈન્યને ખતમ કરવાનો હતો. ('मृगो न हस्ती तविषीमुषाणः सिंहो न भीम आयुधानि बिभ्रत्' ॥ ऋग्वेद : ४/२६/२४) બળવાન રાજા રાજા યુદ્ધમાં હાથી ઉપર બેસી આક્રમણ કરતો હોવાની વાત ઋગ્વેદ અને યજુર્વેદ બંનેમાં આવતા જાણીતા એવા 'कृणुष्व पाजः प्रसितिं न पृथ्वीं याहि राजेवामवाँ इभेन।' (ऋग्वेदः ४/४/१ अने यजुर्वेद : १३/९) એ મંત્રમાં કરવામાં આવી છે. જો સૈનિક હાથણી ઉપર હુમલો કરે તો તે હાથણી તેની ઉપર ગુસ્સે થઈને સામે ધસી જતી હોવાનો ઉલ્લેખ 'उदेणीव वाराण्यभिस्कन्दं मृगीव' મંત્રમાં કરવામાં આવ્યો છે. (अथर्ववेद-५/२४/२२) યુદ્ધમાં ખપ લાગતા

આ હાથીઓને રાજાઓ પાળતા અને તેની સાર-સંભાળ રાખવા તથા હાંકવા હાથીના પાલકને રાખતા હતા. (अर्भेभ्यो हस्तिपं जवायाश्वपं पुष्टयै गोपालं वीर्यायाविपालं तेजसेऽजपालम् । यजुर्वेद : ३०/११). આમ, આવા હાથીઓ (પાળીને) શત્રુસૈન્યને ખતમ કરવા યુદ્ધમાં ઉપયોગમાં લેવામાં આવતા. આ બાબત બતાવવાનો હેતુ એ છે કે 'ગજ વિજ્ઞાન'નું મૂળ છેક વેદોમાં રહેલું છે. આવી પ્રાણીસૃષ્ટિ પણ મનુષ્યને કેટલી ઉપયોગી છે ?

હિમાલયની તળેટીમાં પાર્વતી[26], કર્ણ્વ[27] અને વસિષ્ઠ[28] ના આશ્રમો હતા ત્યાં મૃગોનું પાલનપોષણ બહુ જ આત્મીયતા સાથે થતું હતું. કાલિદાસનું કહેવું છે કે દિગ્વિજય પ્રસંગે નીકળેલી રઘુરાજાની સેનાના લોકોએ હિમાલય ઉપર રાત્રે જે પથ્થરની શિલાઓ ઉપર વિશ્રામ કર્યો હતો તેમાંથી કસ્તૂરીની સુગંધ નીકળી રહી હતી કારણ કે તે શિલાઓ ઉપર પહેલાં કસ્તૂરીમૃગ બેસી ચૂક્યાં હતાં.[29] આ જ પ્રકારે ભગવાન શંકરે સતીવિયોગથી નિર્મોહિત થઈને જે શિખર ઉપર સમાધિ લગાવી હતી તે પણ કસ્તૂરીની ગંધથી સુવાસિત હતું.[30]

પ્રવર્તમાન સમયમાં આપણે ભૂલી ગયા છીએ કે વિશ્વ કેવળ વિશ્વ નથી. તેમાં માનવેતર પ્રાણી, પશુ, પક્ષી, વનસ્પતિ, પ્રકાશ, વાયુ વગેરેનો સમન્વય છે. આ બધું જડ-ચેતન સમગ્રરૂપે વેદકાલીન પુરુષોએ વિચારણા કરી છે. પશુ-પક્ષીઓથી આપણું જીવન કેટલું પ્રભાવિત છે ? પશુઓનું કેટલું મહત્ત્વ છે, તે આપણને કાલિદાસના વર્ણનો ઉપરથી જાણવા મળે છે.

પશુઓની સુરક્ષા અને સંવર્ધન અંગે વેદના ઋષિઓ લાગ્યા રહેતા હતા જેમ કે યજુર્વેદનો પ્રથમ મંત્ર-'સત્કર્મ કરનાર યજમાનનાં પશુઓ (ગાય, ઘોડા, હાથી)ની રક્ષા કરો.[31] વેદ સમયમાં પશુઓને પણ સન્માન અપાતું. યજુર્વેદના ઋષિએ તો - 'પશુઓના પાલકને પણ નમસ્કાર કર્યા છે. જે લોકો વનોમાં નિવાસ કરતા તથા મૃગ વગેરે પશુઓને પ્રેમ કરતા, તેમની રક્ષા કરતા, તેમને પણ સન્માનભરી નજરે જોવામાં આવતા.[32]

કાલિદાસનું હિમાલયની 'રત્નસંપત્તિ' વિશે કહેવું છે - તેમને વિશ્વાસ છે કે હિમાલય રત્નોનો ભંડાર છે. 'રત્નગર્ભા વસુન્ધરારૂપી ગાયે રત્નરૂપી પોતાનું બધું જ દૂધ આ હિમાલયરૂપી વત્સને પીવડાવી દીધું છે. આથી ધરતીની અનંત રત્નસંપત્તિ આ હિમાલયમાં જ ઉપલબ્ધ થાય છે. આજ કારણે લોકો તેમાંથી અનંતરાશિ ઉપલબ્ધ થવાના આનંદમાં તેની કષ્ટદાયક હિમરાશિને પણ સહન કરી લે છે."[33] હિમાલયના 'ઔષધિપ્રસ્થ' નગરનો કોટ(કિલ્લો) તો મોટી મોટી મણિશિલાઓ"[34] થી બનેલો બતાવ્યો છે તથા તેની નજીકમાં ત્રાંબાની મોટી-મોટી પાટો (ચદ્દાનો) નો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[35] મારીચ ઋષિના આશ્રમના પરિસરની ભૂમિ ઉપર પણ અનેક રત્નશિલાઓ પડેલી બતાવી છે. જેની ઉપર તે આશ્રમના તપસ્વીઓ ધ્યાનમાં બેસતા

હતા.[36] દિગ્વિજય યાત્રાપ્રસંગે રઘુરાજાને પર્વતીય રાજાઓ તરફથી ભેટ સ્વરૂપે પુષ્કળમાત્રામાં રત્નરાશિ પ્રાપ્ત થઈ હતી. તેને પ્રાપ્ત કરીને રઘુએ હિમાલયમાં અપાર રત્નરાશિ હોવાનો વિશ્વાસ કરી લીધો હતો."[37]

ભારતીય સંસ્કૃતિને અનુરૂપ કાલિદાસે હિમાલયમાં દેવત્વની પરિકલ્પના પણ કરી છે. તેમની દૃષ્ટિએ તેનાં બે રૂપો છે. એક સ્થાવર અને બીજું જંગમ[38] તેનું સ્થાવર રૂપ જે પશ્ચિમી સમુદ્રથી પૂર્વી સમુદ્ર સુધી ફેલાયેલું છે. હિમાલય અચલ છે. ઉંચાં- ઉંચાં હિમાચ્છાદિત શિખરોથી સુશોભિત છે. ગંગા, યમુના, બ્રહ્મપુત્રા આદિ પવિત્ર નદીઓનું ઉદ્ગમસ્થળ છે. વાનસ્પતેય વૈભવનો વિધાતા છે અને ખનિજ સંપત્તિનો આધાર છે. હિમાલયના આ રૂપથી પ્રાયઃ બધા જ સુપરિચિત છે કારણ કે હિમાલયનું આ સામાન્યરૂપ નેત્રો દ્વારા સૌને દેખાય છે, પરંતુ કાલિદાસની દિવ્યદષ્ટિએ હિમાલયનું જંગમરૂપ પણ જોયું છે, જે દેવકોટિનું છે. જેની પત્નીનું નામ મેના છે. જેની પુત્રી પાર્વતી છે અને જેનો પુત્ર મૈનાક છે. (कु.सं.:१/१८-२६) તે બધા સજાતીય પર્વતોનો રાજા છે અને 'ઔષધિપ્રસ્થ' નામનું નગર તેની રાજધાની છે. (कु.सं. :६/३६-४६) તે સ્વભાવે સજ્જન, અતિથિ સત્કારમાં કુશળ છે. સપ્તર્ષિઓએ તેના આતિથ્યને માણીને હિમાલયની વારંવાર પ્રશંસા પણ કરી છે. સૌથી મોટી વાત તો એ છે કે પોતાની પુત્રી પાર્વતીનો વિવાહ ભગવાન શંકર સાથે કરીને તેમના સંબંધી બનીને સમસ્ત વિશ્વનો વંદનીય બન્યો છે. (कु.सं. : सर्ग-७ संपूर्णम्) ફળસ્વરૂપે કાલિદાસે તેના સ્થાવર રૂપને સ્વર્ગ સમાન જ પ્રશંસાત્મક દેવભૂમિ જ માન્યું છે અને તે તથ્યને તેણે ભગવાન શિવના મુખે બોલાવ્યું છે. (कु.सं-४/४५) કારણ કે તેમના (હિમાલયના) આ સ્થાવર શરીર ઉપર 'દેવતા' (कु.सं-१/१) 'યક્ષ' (कु.सं-६/३९, संपूर्णम् उत्तरमेध), 'સિદ્ધ ' (कु.सं.-१/५, पूर्वमेघ-५९), 'વિદ્યાધર' (कु.सं.-६/४६), 'ગંધર્વ' (विक्रमोर्वशीयम्-१/१५-१७), 'કિન્નર' (कु.सं.-१/११,१४, ६-३९, उत्तरमेघ-१०), 'અપ્સરાઓ' (कु.सं.-१/४, विक्रमोर्वशीयम् अंक १/४) આદિએ નિત્ય વિહાર કર્યા કરે છે અને ઋષિમુનિઓ માટે પણ આ પરમ પ્રિય આશ્રયસ્થાન છે.

મારી ર્દષ્ટિએ, ઉપરોક્ત બધા પ્રસંગો આ તથ્યની પુષ્ટિ કરે છે કે મહાકવિ કાલિદાસ હિમાલયની ગરિમા અને મહિમાથી સારી રીતે પરિચિત છે અને પ્રભાવિત પણ છે. આથી જ તેઓએ પોતાની કૃતિઓમાં યથાવસર તેની પ્રાકૃતિક શોભા, ખનીજ સંપત્તિ, ઔષધિ-નિધિ, વનસ્પતિ તેમજ દૈવી-પવિત્રતાનું ખૂબ જ સુંદર વર્ણન કર્યું છે. કવિ કાલિદાસે પોતાની કૃતિઓના માધ્યમ દ્વારા સમસ્ત માનવજાતને સંદેશ આપ્યો છે કે, **' હિમાલય આપણા સહુને માટે પરમ ઉપયોગી છે. તેની પ્રાકૃતિક સંપત્તિ માનવજીવન માટે આશીર્વાદરૂપ છે. હિમાલયની ગોદમાં જઇને આપણે દિવસે સૂર્યનાં પ્રખર કિરણોના તાપથી બચી શકીએ છીએ. તેની પ્રાકૃતિક રમણીયતાથી મન પ્રફુલ્લિત કરી શકીએ છીએ. તેની ઉપલબ્ધ ઔષધિઓના સેવનથી નિરોગી**

**તેમજ દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ. તેની ખનિજ સંપત્તિથી સંપન્ન થઈ શકીએ છીએ. તેની સુરમ્ય ગુફાઓમાં રહીને આપણે આધ્યાત્મિક અભ્યુદય કરી શકીએ છીએ. હિમાલયની ઉપર વસનારા દેવતા, યક્ષ, ગન્ધર્વ, સિદ્ધ વગેરેના સંપર્કના સુયોગથી પોતાનું આત્મબળ કંઇક વધારી શકીએ છીએ. આથી આપણે સહુએ આપણા કલ્યાણ માટે હિમાલયની રક્ષા-સુરક્ષા, તન-મન-ધનથી કરતા રહેવું જોઈએ.'**

આજે સમસ્ત માનવજાતનું જો કોઈ બિંદુ ઉપર ધ્યાન કેન્દ્રિત છે, તો તે છે – 'પર્યાવરણ'. જે પર્યાવરણે મનુષ્યને આટલું બધું વિના માંગ્યે આપ્યું છે છતાંય તે જ પર્યાવરણને બુદ્ધિજીવી મનુષ્યે પોતાના સામાન્ય ભૌતિક સ્વાર્થ ખાતર તથા અનુચિત કાર્યોથી એટલી હદે તેને પ્રદૂષિત કર્યું છે કે હવે તો પ્રાણીમાત્ર માટે જીવિત રહેવા માટેનું મહાન સંકટ ઉપસ્થિત થયું છે. આ પર્યાવરણનો સળગતો વિકરાળ પ્રશ્ન આપણા 'પૃથ્વી' ગ્રહના ભવિષ્યને ગંભીર હાલતમાં બદલતો જઈ રહ્યો છે.

ભારતીય સંવિધાન અનુચ્છેદ ૫૧-એ (જી) અનુસાર પર્યાવરણને નાગરિકના કર્તવ્ય સાથે જોડવામાં આવ્યું છે કે **'પ્રત્યેક નાગરિકનું કર્તવ્ય છે કે - તે પ્રાકૃતિક પર્યાવરણનું સંરક્ષણ કરે, જેમાં વન, સરોવર, નદી અને અન્યજીવો પ્રત્યે સહાનુભૂતિ રાખે. આ પ્રમાણે ભારત દેશમાં સંવિધાનના ૪૨ મા સંશોધન ૧૯૭૬માં પર્યાવરણ સુરક્ષાને મૂળ કર્તવ્યોના એક નવા અધ્યાયમાં જોડીને નાગરિકોનાં મૂળ કર્તવ્યોને સુનિશ્ચિત કરવામાં આવ્યાં છે.'**

દેશમાં જંગલોનો મોટાપાયે નાશ થઈ રહેલ હોવાની બાબત ચિંતાજનક છે. વનોનો નાશ થતો અટકાવવાના હેતુથી રાષ્ટ્રપતિએ ૨૫ ઓકટોબર-૧૯૮૦ના રોજ આ અંગેનો વટહુકમ પ્રસિદ્ધ કર્યો હતો, જેને કાયદાનું સ્થાન અપાયું છે. સંસદે ખરડો પસાર કરતાં ૨૭ ડિસેમ્બર-૧૯૮૦ થી આ કાયદાનો અમલ શરૂ થયેલ છે. રાષ્ટ્રીય સ્તરે કરવામાં આવેલા પ્રયાસોમાં ભારતીય સંરક્ષણ અને સંતુલન માટે જે અધિનિયમ, નિયમ, ધારાઓ બનાવવામાં આવી છે, તેમાં મુખ્ય **' જળ, વન, ભૂમિ, વાયુ, વન્યજીવો અને અવાજ સંબંધી અધિનિયમો બનાવ્યા છે. વનસંરક્ષણ અધિનિયમ (વન જાળવણી ધારો) ૧૯૮૦, ભારતીય વન અધિનિયમ (ભારતીય જંગલ ધારો) ૧૯૨૭, રાષ્ટ્રીય વનસંપત્તિ અધિનિયમ ૧૯૮૮, વન્યજીવન સુરક્ષા અધિનિયમ (ભારતીય વન્ય પ્રાણી ધારો) ૧૯૭૨. પર્યાવરણ પ્રત્યે સમાજ અને સંવેદનશીલતા વિકસિત કરવી, પ્રદૂષણની સમસ્યાઓનું સમાધાન પ્રસ્તુત કરવું અને પર્યાવરણમાં સંતુલન જાળવી રાખવું તે પ્રવર્તમાન સમયની સૌથી મોટી આવશ્યકતા છે.'** લોકહિત માટે વનોની જાળવણી કરવાનું ધ્યેય રખાયું છે.

મહાકવિ કાલિદાસની દીર્ઘદૃષ્ટિ ખરેખર દાદ માગી લે તેવી છે કે જેમણે હિમાલય જેવી પ્રાકૃતિક સંપત્તિનું પોતાની કૃતિઓમાં આબેહૂબ વર્ણન કરીને ભવિષ્યની પેઢીને માહિતગાર રાખવી એ જેમનો ઉદ્દેશ્ય હતો તેવા કવિ કાલિદાસ ખરેખર પ્રકૃતિ કવિ હતા તે યથાર્થ જ છે.

❖❖❖

**पादटीप** -

१. प्रतिमानाटकम् : ५/११

२. अविमारकम् : ४/१०

३. मुद्राराक्षसम् : १/२३

४. 'गौरी गुरोः पावना' - अ.शा. : ६/१७

५. कु.सं. : १/१

६. कु.सं.: १/१७

७. वामनशिवराम आप्टे कृत-संस्कृत हिन्दीकोशः पृ. - ७८४

८. रघुवंशम् : १२/७८

९. कु.सं. : १/१०

१०. कु.सं.: ६/४३

११. रघुवंशम् : ४/७५

१२. ऋग्वेदः १०/९७/४

१३. 'नमो वृक्षेभ्यो हरिकेशेभ्यः वनानां पतये नमः ।

वृक्षाणां पतये नमः । औषधीनां पतये नमः। अरण्यानां पतये नमः ।' यजुर्वेदः १६/१७-२०

१४. अथर्ववेद : ६/१०९/३

१५. अथर्ववेद : ४/२०/२

१७. अथर्ववेद : ८/७/१७

१८. ऋग्वेद : १०/१४६/५

१९. 'मा काकम्बीरमुद्धहो वनस्पतिम्' । ऋग्वेद : ६/४८/१७

२०. 'यदर्णसंमोषेथा वृक्षं'। ऋग्वेद : ५/५४/६

२१. कु.सं.: १/९

२२. अ.शा. : १/३१

२३. कु.सं. : १/६

२४. रघुवंशम् : ४/७२

२५. अ. शा. : ७/१४-१८

२६. कु. सं. : ५/१३, १५, ३५

२७. अ. शा. : १/५, ११, १४, २/१८, ४/१२, १४

२८. रघुवंशम् : १/५०, ५२

२९. रघुवंशम् : ४ /७४

३०. कु.सं. : १/५४

३१. 'यजमानस्य पशून्याहि' - यजुर्वेदः १/१

३२. यजुर्वेदः १६/१७२२. अ.शा. : १/३१

३३. कु. सं. : १/२-३

३४. कु. सं.: ६/३८

३५. कु.सं. : ६/५१

३६. अ.शा. : ७/१२

३७. रघुवंशम् : ४/७९, ४/८४

३८. कु. सं.: ६/५८-६०

***

- **<u>संदर्भग्रन्थाः</u>**

१. ऋग्वेद संहिता : सम्पादकः वेदमूर्ति तपोनिष्ठ पं. श्री रामशर्मा आचार्य,

प्रकाशक : ब्रह्मवर्चस्, शान्तिकुञ्ज, हरिद्वार, (उत्तरांचल), आवृत्तिः तृतीय, १९९६

२. यजुर्वेद संहिता : सम्पादकः वेदमूर्ति तपोनिष्ठ पं. श्री रामशर्मा आचार्य,

प्रकाशक : ब्रह्मवर्चस्, शान्तिकुञ्ज, हरिद्वार, (उत्तरांचल), आवृत्ति : नवम्, २००४

३. अथर्ववेद संहिता : सम्पादकः वेदमूर्ति तपोनिष्ठ पं. श्री रामशर्मा आचार्य,

प्रकाशक : ब्रह्मवर्चस्, शान्तिकुञ्ज, हरिद्वार, (उत्तरांचल), आवृत्तिः नवम्, २००४

४. कालिदास ग्रन्थावली सम्पादकः सीताराम चतुर्वेदी, प्रकाशक : बद्रीप्रसाद शर्मा, भारत प्रकाशन मन्दिर, अलीगढ, संस्करणः तृतीय, वि. सं. २०१९

५. वामनशिवराम आप्टेः संस्कृत हिन्दी शब्दकोश, प्रकाशकः मोतीलाल बनारसीदास, दिल्ली, संस्करणः प्रथम-1966, द्वितीय-1969, मूल्यः 98 रुपये।

६. प्रतिमानाटकम् : कवि भास विरचितम्

७. अविमारकम् : कवि भास विरचितम्

८. मुद्राराक्षसम्: विशाखदत्त विरचितम्

૯. પર્યાવરણ કાયદાઓ, સંપાદક : પ્રિ. એ. એન. કારીઆ, પ્રકાશક : સી. જમનાદાસની કંપની, આવૃત્તિ : દ્વિતીય, ૨૦૦૦-૨૦૦૧, મૂલ્ય : ૧૦૫ રૂ.

❖❖❖